# એલીસબ્રીજ પોલીસ સ્ટેશન
# અમદાવાદ શહેર.

## પ્રેસનોટ

## વાહન ચોરને ચોરીની ઓટો રિક્ષા સાથે ઝડપી પાડતી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન પોલીસ

મે. સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમિતકુમાર વિશ્વકર્મા સાહેબ સેક્ટર-૧ તથા મે. નાયબ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.ડામોર સાહેબ ઝોન-૭ અમદાવાદ શહેર તથા મે. મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી વી.જી.પટેલ સાહેબ એમ વિભાગ અમદાવાદ શહેર નાઓની સુચના માર્ગદર્શન મુજબ એલીસબ્રીજ પો.સ્ટે. પો.ઈન્સ. શ્રી એ.એસ.પટેલ સાહેબ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી એ.પી. જેબલીયા સાહેબ નાઓની સુચના માર્ગદર્શન મુજબ પો.સ્ટે. વિસ્તારમાં મિલકત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ અટકાવવા સારૂ સર્વેલન્સ સ્કોડના હેડ કોન્સ. અખિલેશકુમાર જગદીશ તથા પો.કો. મો.ફારૂકખાન અલીખાન તથા પો.કો. નરેશભાઈ ભારમલભાઈ તથા પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. રાહુલભાઈ વશરામભાઈ તથા વુ. લોકરક્ષક વંદનાબેન પ્રભુભાઈ નાઓ પેટ્રોલીંગમાં હાજર હતાં દરમ્યાન પો.કો. મહેન્દ્રભાઈ રમેશભાઈ તથા પો.કો. રાહુલભાઈ વશરામભાઈ નાઓની ચોક્કસ બાતમી હકીકત આધારે એલીસબ્રીજ કોર્નર પાસે જાહેર રોડ ઉપર વોચમાં રહી આરોપી મુજ્જફરઅલી ફરઝાનઅલી સૈયદ (કાદરી) ઉવ.૪૫ રહે, જાફર રો હાઉસ મસ્જીદના મકાનમાં ભાડેથી કાસમભાઈ સૈયદની દુકાનની સામે કુત્બેઆલમ દરગાહ પાસે વટવા અમદાવાદ શહેર નાને "એક લીલા પીળા કલરની બજાજ કંપની RE મોડલની CNG ઓટો રિક્ષા જેની આગળ પાછળ નંબર પ્લેટ ઉપર RTO નં.- GJ-01-BX-3461 નો લખેલ છે. તથા એન્જીન નં. M63327 તથા ચેચીસ નં.- M28583 નો વંચાય છે. જેની કિ.રૂ ૨૦,૦૦૦/- ની સાથે પકડી પાડી પુછપરછ કરતાં ગુનાની કાબુલાત કરતો હોય સદર બાબતે એલીસબ્રીજ પો.સ્ટે. ફ.ગુ.ર.નં. ૭૮/૨૦૧૯ ઈપીકો કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ હોય સદર આરોપીને ગુનાના કામે તા. ૦૮/૦૮/૧૯ ના ક. ૧૮/૪૦ વાગે અટક કરી સદરીના કબ્જામાંથી મળી આવેલ ઓટો રિક્ષા ગુનાના કામે

કબ્જે કરી એલીસબ્રીજ પો.સ્ટે. નો વાહન ચોરીનો અન ડિટેક્ટ ગુનો ડિટેક્ટ કરી સર્વેલન્સ સ્કોડની ટીમ દ્વારા સારી કામગીરી કરવામાં આવેલ છે. તા. ૦૯/૦૮/૨૦૧૯



એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ કર્મચારી અધિકારીઓએ સ્કુલની મુલાકાત લઇ વિદ્યાર્થિનીઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો ૧૮૧ મહિલા સુરક્ષા હેલ્પ લાઇન મોબાઇલમાં ડાઉનલોડ કરાવી તેનો ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા






